# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-12-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : FRIDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.**

**************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મણિપુરના ઇમ્ફાલમાં એક હજાર ૩૦૦ કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું.
2) પ્રધાનમંત્રી મોદીએ યુએસ રાષ્ટ્રપતિ સાથે દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિની સમીક્ષા કરી
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૫ ડિસેમ્બરથી જોર્ડન , ઇથોપિયા અને ઓમાનની ચાર દિવસીય મુલાકાતે રવાના થશે.
4) નેપાળ સરકારે, જનરેશન ઝીના 10-મુદ્દાના કરારને કાયદાકીય મંજૂરી આપી.
5) એશિયન ક્રિકેટ કાઉન્સિલ અંડર-૧૯ એશિયા કપનો આજથી દુબઈમાં આરંભ – રવિવારે ભારત, પાકિસ્તાન સામે રમશે.

**************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# PRESIDENT---MANIPUR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે મણિપુરના સેનાપતિ જિલ્લામાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન શિલાન્યાસ કરશે- એક જાહેર સભાને સંબોધિત કરશે

રાષ્ટ્રપતિ ઇમ્ફાલમાં નુ. પી. લાલ મેમોરિયલ કોમ્પ્લેક્સની મુલાકાત લેશે.રાજ્યની બહાદુર મહિલાઓને શ્રદ્ધાંજલિ પણ આપશે.

શ્રી મુર્મુએ ગઈકાલે ઇમ્ફાલમાં એક હજાર 387 કરોડના **વિકાસ પ્રોજેક્ટ્સનું** ઉદ્ઘાટન શિલાન્યાસ કર્યું. જેમાં આરોગ્ય, શિક્ષણ, આદિવાસી વિકાસ, રસ્તાઓ, કૃષિ, વીજળી અને પીવાના પાણી સંબંધિત વિવિધ યોજનાઓનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે રાષ્ટ્રપતિએ જણાવ્યું કે કેન્દ્ર સરકાર મણિપુરના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે.મણિપુરના લોકોની સુખાકારી સરકારની ટોચની પ્રાથમિકતા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM MODI – DONALD TRUMP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર વાત કરી . સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે તેમણે શ્રી ટ્રમ્પ સાથે દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિની સમીક્ષા કરી અને પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય વિકાસ પર ચર્ચા કરી . પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત અને અમેરિકા વૈશ્વિક શાંતિ , સ્થિરતા અને સમૃદ્ધિ માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM MODI VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી  15મી ડિસેમ્બરથી જોર્ડન , ઇથોપિયા અને ઓમાનની ચાર દિવસની મુલાકાતે જશે.

તેમની મુલાકાતના પહેલા તબક્કામાં , પ્રધાનમંત્રી જોર્ડનના રાજા  અબ્દુલ્લાહ બીજા બિન અલ હુસૈનના આમંત્રણ પર જોર્ડન જશે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો એક અહેવાલ.

(બાઈટ – મૂકેશ રાય)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA – LIBERIA - MOU

ભારત અને લાઇબેરિયાએ ફાર્માકોપીઆ પર સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે

આરોગ્ય મંત્રાલયે માહિતી આપી કે આ કરાર લાઇબેરિયામાં ભારતના રાજદૂત મનોજ બિહારી વર્મા અને લાઇબેરિયાના આરોગ્ય પ્રધાન ડૉ. લુઇસ એમ. ક્પોટોની હાજરીમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. મંત્રાલયે ઉમેર્યું હતું કે આ MoU સલામત અને સસ્તી દવાઓની સુલભતામાં સુધારો કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NEPAL – GENz

નેપાળના કાઠમંડુમાં મંત્રી પરિષદની બેઠકમાં નેપાળ સરકારે , જનરેશન ઝી ના 10-મુદ્દાના કરારને મંજૂરી આપી છે. આ તમામ મુદ્દાઓને કાયદાકીય રીતે અમલમાં મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ કરાર પર 10 ડિસેમ્બરના રોજ પ્રધાનમંત્રી કાર્યાલય , સિંહા દરબાર ખાતે હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જેનરેશન ઝી ચળવળ દરમિયાન શહીદ થયેલા અને ઘાયલ થયેલા લોકો વતી પ્રધાનમંત્રી સુશીલા કાર્કી અને ભોજ બિક્રમ થાપાએ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

સંદેશાવ્યવહાર અને માહિતી ટેકનોલોજી મંત્રી, જગદીશ ખારેલે પુષ્ટિ આપી હતી કે આ કરાર નેપાળ ગેઝેટમાં પ્રકાશિત કરવામાં આવશે. તેમણે એ પણ પુષ્ટિ આપી હતી કે મંત્રી પરિષદે 8 અને 9 સપ્ટેમ્બરના જનરલ ઝેડ ચળવળની ઘટનાઓની તપાસ માટે સરકાર દ્વારા રચાયેલા તપાસ પંચના કાર્યક્ષેત્રનો વિસ્તાર કરવાનો નિર્ણય લીધો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BANGLADESH ELECTION

બાંગ્લાદેશમાં ૧૩મી રાષ્ટ્રીય સંસદીય ચૂંટણી આગામી વર્ષે ૧૨ ફેબ્રુઆરીના રોજ યોજાશે. મુખ્ય ચૂંટણી કમિશનર નાસિર ઉદ્દીને જાહેરાત કરી હતી.

સાંભળીએ આ અંગેનો એક અહેવાલ...

(બાઇટ – નવલસિંહ, ઢાંકા ઇલેક્શન)

જુલાઈ રાષ્ટ્રીય ચાર્ટરના અમલીકરણ પર લોકમત પણ તે જ દિવસે યોજાશે.પ્રોફેસર મુહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની ૫ ઓગસ્ટના વિરોધ પ્રદર્શનમાં શેખ હસીનાની અવામી લીગની સરકારની હકાલપટ્ટી કરી હતી અને શ્રી યુનુસે સત્તા સંભાળી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# BANGLADESH – SHEKH HASINA

બાંગ્લાદેશના પદભ્રષ્ટ નેતા શેખ હસીનાની આવામી લીગે મુક્ત અને સહભાગી સામાન્ય ચૂંટણીઓ યોજવા માટે તટસ્થ કાર્યકારી સરકારની માંગણી કરી છે.

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા ચૂંટણી સમયપત્રકને નકારી કાઢ્યું છે. બાંગ્લાદેશના મુખ્ય ચૂંટણી કમિશનર એ.એમ.એમ નાસિર ઉદ્દીને 12 ફેબ્રુઆરીએ સામાન્ય ચૂંટણીઓ યોજવાની જાહેરાત કરી છે ત્યારે વચગાળાની સરકારે આવામી લીગની તમામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂક્યો છે.

આવામી લીગે સોશિયલ મીડિયા પર પોસ્ટમાં કહ્યું કે આ પ્રતિબંધોથી સાબિત થાય છે કે વર્તમાન સત્તા પક્ષ સંપૂર્ણપણે પક્ષપાતી છે. પક્ષે કહ્યું કે , વચગાળાની સરકારના નિયંત્રણ હેઠળ, પારદર્શિતા, તટસ્થતા અને લોકોની ઇચ્છા પ્રતિબિંબિત થઈ શકે તેવું ન્યાયી અને સામાન્ય વાતાવરણ સુનિશ્ચિત કરવું અશક્ય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CRICKET – U19

અંડર-૧૯ એશિયા કપ ૨૦૨૫ આજથી દુબઈમાં શરૂ થશે. આજે સવારે દુબઈના ICC એકેડેમી ગ્રાઉન્ડ પર આયુષ મ્હાત્રેના નેતૃત્વ હેઠળના ભારત અને યજમાન સંયુક્ત આરબ અમીરાત ( UAE) વચ્ચે પ્રથમ મેચ રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે ૧૦:૩૦ વાગ્યે શરૂ થશે.

વૈભવ સૂર્યવંશી પણ ભારતીય ટીમનો ભાગ છે. ભારત રવિવારે તેના કટ્ટર હરીફ પાકિસ્તાનનો સામનો કરશે.

કુલ આઠ એશિયન ટીમો બે ગ્રુપમાં ભાગ લેશે. ભારતને યજમાન UAE, પાકિસ્તાન અને મલેશિયા સાથે ગ્રુપ A માં રાખવામાં આવ્યું છે. બીજી તરફ , બાંગ્લાદેશ, શ્રીલંકા, અફઘાનિસ્તાન અને નેપાળ ગ્રુપ B માં ભાગ લેશે.

બંને ગ્રુપમાંથી ટોચની ૨ ટીમો સેમિફાઇનલ માટે ક્વોલિફાય થશે. ફાઇનલ મેચ ૨૧ ડિસેમ્બરે રમાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# FIFA – WORLD CUP

સાઉદી અરેબિયાના રિયાધમાં યોજાયેલા FIFA વર્લ્ડ કપ 2025માં, ભારતના ડેનિયલ પટેલે ગ્રુપ B ના ટેબલ ટોપર્સ તરીકે ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

ભારત હવે આજે ભારતીય સમય મુજબ સાંજે 06:30 વાગ્યે ક્વાર્ટર ફાઇનલમાં મલેશિયા સામે ટકરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# KERALA – FILM FESTIVAL

કેરળનો 30મો આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ આજે તિરુવનંતપુરમમાં એનીમેરી જેસિરની ફિલ્મ 'પેલેસ્ટાઇન ૩૬' સાથે આ મહોત્સવની શરૂઆત કરાશે .

'પેલેસ્ટાઇન ૩૬ ' એ ટોક્યો ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં વ્યાપક પ્રશંસા મેળવી છે અને શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ જીત્યો છે. આ કાર્યક્રમના આયોજક કેરળ રાજ્ય ચલચિત્ર એકેડેમીએ જણાવ્યું હતું કે ૧૨ થી ૧૯ ડિસેમ્બર દરમિયાન યોજાનારા આ મહોત્સવમાં સમકાલીન અને ઐતિહાસિક સિનેમાનો આઠ દિવસ સુધી ફિલ્મો રજૂ કરવામાં આવશે.

મોરિટાનિયન ફિલ્મ નિર્માતા અને આફ્રિકન સિનેમાના પ્રભાવશાળી અબ્દર રહમાન સિસાકોને લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ એનાયત કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભૂંડિયા

- આજે અખબારોમાં મુખ્ય મથાળામાં વિવિધ સમાચારોને સ્થાન આપવામાં આવ્યું છે
- ગુજરાત સમાચાર લખે છે કે, મેક્સિકોએ ભારત પર 50 ટકા સુધીનો ટેરિફ નાખ્યો.

- ઇન્ડિગો સંકટગ્રસ્ત પ્રવાસીઓને રૂ.  10 હજારનું ટ્રાવેલ વાઉચર આપશે એમ સંદેશે લખ્યું છે.
- નવગુજરાત સમય લખે છે કે  , રૂ. 9 કરોડ આપો , US નાગરિકતા મેળવો: ટ્રમ્પ ગોલ્ડ કાર્ડનો અમલ.
- “ફ્લાઇટમાં 15 મિનિટના વિલંબની પણ થશે તપાસ ” ના સમાચાર ફૂલછાબે લીધા છે.
- દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે , ગુજરાતમાં 1.25 કરોડ મતદાર શંકાના દાયરામાં, 53 લાખનું મેપીંગ નહીં. 74 લાખના ફોર્મ બાકી
- સ્થાનિક સમાચારોમાં વાયુ પ્રદૂષણ ફેલાવતા અમદાવાદના 6 ઔદ્યોગિક એકમોને શો-કોઝ નોટિસ – અમદાવાદની 29 ફ્લાઈટ કેન્સલ સ્થિતી સુધરવાને બદલે વધુ બગડી. જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .